# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref No. PN 2024-25/61 Dt. 16/08/2024

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સના લેડિઝ વિંગ દ્વારા 'નાની બચતથી મોટી બચત' વિષય પર સેમિનાર યોજાયો

### વિશ્વમાં પુરૂષો કરતા મહિલાઓનું આયુષ્ય વધુ હોવાથી તેઓએ રિટાયરમેન્ટ પછીના 30 થી ૪૦ વર્ષ ઉપયોગી રહી શકે તેવું સેવિંગ્સ કરવાની જરૂર છેઃ વેલ્થ મેનેજર અભિષેક શાહ

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની લેડિઝ વિંગ દ્વારા બુધવાર, તા. ૧૪ ઓગષ્ટ ૨૦૨૪ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે, સેમિનાર હોલ-એ, સરસાણા, સુરત ખાતે 'નાની બચતથી મોટી બચત' વિષય પર સેમિનાર યોજાયો હતો. જેમાં એક્ઝાનોન ઈન્વેસ્ટમેન્ટ મેનેજમેન્ટના પાર્ટનર અને વેલ્થ મેનેજર શ્રી અભિષેક શાહે મહિલાઓને નાની બચતના ફાયદાઓ વિશે માહિતગાર કર્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, 'આજનો સમય સુધારાની જાગૃતિનો છે. નાની બચતથી મોટી બચત એ ખ્યાલ ઉદ્યોગ

જગતમાં પણ મહત્વપૂર્ણ છે. બધી સફળતાની પાછળ બચત માટેની શિસ્ત અને સંયમ હોય છે. કારોબારમાં નાના ખર્ચાઓને નિયંત્રિત કરવાથી આપણે એક મોટી બચત પ્રાપ્ત કરી શકીએ છીએ. નિયમિત રીતે પ્રોજેક્ટ મેનેજમેન્ટ અને ઓપરેશનલ બાબતો પર ધ્યાન આપવાથી, બિઝનેસમાં દરેક તબક્કે બચત કરી શકાય છે, જે લાંબા ગાળે બિઝનેસમાં મોટી સફળતા અને વિકાસ લાવી શકે છે.'

લેડિઝ વિંગના ચેરપર્સન શ્રીમતી ગીતાબેન વઘાસિયાએ કાર્યક્રમનો હેતુ જણાવી, રૂપરેખા આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'નાની બચતથી મોટી બચત, એ વિચાર કરવાથી આપણને હંમેશા ભવિષ્ય માટે તૈયાર રહેવા મદદરૂપ થાય છે. સામાન્ય રીતે આપણને ખૂબ મોટું લક્ષ્ય મૂકવાની જરૂર નથી. રોજના જીવનમાં થોડી થોડી નાની બચત કરીએ તો એ પણ બહેતર પરિણામ આપશે અને આપણને સમૃદ્ધ બનાવશે.'

યુએસએથી સીએફપી એન્ડ સીએફજીપીની ડિગ્રી પ્રાપ્ત કરનાર શ્રી અભિષેક શાહે નાની બચતના ફાયદા જણાવતા કહ્યું હતું કે, 'ગત ૧૫-૨૦ વર્ષથી ભારત બદલાઈ રહ્યું છે, ત્યારે આપણે બચતની પદ્ધતિ પણ બદલવી પડશે. દેશ જે ગતિથી પ્રગતિ કરે છે, એ ગતિથી આપણે ફાયનાન્સ ગ્રોથ કરવો જોઈએ, જેથી ભવિષ્યમાં ફાયનાન્સિયલ ક્રાઈસીસથી બચી શકાય. વિશ્વમાં પુરૂષો કરતાં મહિલાઓનું આયુષ્ય વધુ હોવાથી તેઓએ રિટાયરમેન્ટ પછીના ૩૦ થી ૪૦ વર્ષ ઉપયોગી રહી શકે તેવું સેવિંગ્સ કરવાની જરૂર છે.'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'બાળકોને બાળપણથી જ સેવિંગ્સના ફાયદા અને ફાયનાન્સ વિશે સમજણ આપવી જોઈએ. ઈન્વેસ્ટમેન્ટ અને સેવિંગ્સ વચ્ચે પાવર ઓફ કમ્પાઉન્ડીંગનો તફાવત છે. શોર્ટ ટર્મ નાણાંના રોકાણ માટે એફ.ડી.ની પસંદગી કરવી, જ્યારે લોંગ ટર્મ નાણાંના રોકાણ માટે મ્યુચ્યુઅલ અને ઈક્વિટીઝ ફંડમાં રોકાણ કરવું યોગ્ય છે. ફિઝીકલ ગોલ્ડ કરતા સોવેરિન ગોલ્ડ બોન્ડમાં રોકાણ કરતા વધુ વ્યાજ મેળવી શકાય છે. આવી રીતે જીવનમાં નાની-નાની બચત કરવાની ટેવ પાડીને મોટી મિલકતનું સર્જન કરી શકાય છે.'

ખાસ કરીને ભારતીય સમાજમાં ગૃહિણીઓ એટલે કે બહેનો સૌથી શ્રેષ્ઠ નાણાંકીય કુશળકાર ગણાય છે. એટલે મહિલાઓએ કાળજી લઈ બચત કરવાની આદત કેળવવી જોઈએ અને આવી

રીતે કરેલી બચતને સલામત અને યોગ્ય વળતરદાયી સાધનોમાં રોકાણ કરી મહત્તમ લાભ મેળવવો જોઈએ તેમ તેમણે જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, તત્કાલિન ભૂતપૂર્વ પ્રમુખ શ્રી રમેશ વઘાસિયા, પૂર્વ પ્રમુખ શ્રી હિમાંશુ બોડાવાલા, માનદ્ સેક્રેટરી શ્રી નિરવ માંડલેવાલા, માનદ્ ખજાનચી શ્રી મૃણાલ શુક્લ, લેડિઝ વિંગના ભૂતપૂર્વ ચેરપર્સન શ્રીમતી મનિષાબેન બોડાવાલા અને વિવિધ ક્ષેત્રના ઉદ્યોગ સાહસિકો તેમજ સન્નારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના લેડિઝ વિંગના કો-ચેરપર્સન શ્રીમતી મયુરીબેન મેવાવાલાએ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. લેડિઝ વિંગના વાઈસ ચેરપર્સન શ્રીમતી અલ્પાબેન મદ્રાસીએ વક્તાનો પરિચય આપ્યો હતો, જ્યારે લેડિઝ વિંગના સેક્રેટરી શ્રીમતી ચેતનાબેન શિરોયાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.